# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા.૦૩.૦૪.૨૦૧૮

---

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં ૧૨-૧૩ એપ્રિલના રોજ સુરત ખાતે ભાજપા પ્રદેશ કારોબારી બેઠક યોજાશે**

---

**પ્રદેશ પ્રભારીશ્રી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ઉપસ્થિત રહેશે**

---

ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઇ.કે.જાડેજાએ જણાવ્યુ હતુ કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ પ્રભારીશ્રી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતમાં આગામી ૧૨ અને ૧૩ એપ્રિલના રોજ સુરત ખાતે ભાજપા ગુજરાત પ્રદેશ કારોબારી બેઠક યોજાશે.

શ્રી જાડેજાએ જણાવ્યુ હતુ કે, બે દિવસીય પ્રદેશ કારોબારી બેઠકમાં રાજકીય ઠરાવો, કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની નોંધનીય કામગીરી બદલ અભિનંદન ઠરાવો, અત્યાર સુધીના થયેલા કાર્યક્રમોની સમીક્ષા તેમજ આગામી સંગઠનાત્મક કાર્યક્રમોની રૂપરેખા ઘડવામાં આવશે.

શ્રી જાડેજાએ અંતમાં જણાવ્યુ હતુ કે, આ પ્રદેશ કારોબારી બેઠકમાં પ્રદેશમાં રહેતા પક્ષના અને મોરચાના રાષ્ટ્રીય હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, વિવિધ સેલના પ્રદેશ સંયોજકશ્રીઓ, પ્રદેશ સેલના કન્વીનરશ્રીઓ, પ્રદેશ કારોબારી સભ્યશ્રી, આમંત્રિત અને વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રીઓ-મહામંત્રીશ્રીઓ, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી/વિપક્ષના નેતાશ્રી તેમજ મહાનગરપાલિકાના મેયરશ્રીઓ ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૩.૦૪.૨૦૧૮

---------------

**પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ભાજપા બક્ષીપંચ મોરચાની પ્રદેશ બેઠક યોજાઇ**

---------------

**ભાજપા બક્ષીપંચ મોરચા દ્વારા ગુજરાતભરમાં વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો યોજાશે**

---------------

**કેન્દ્ર તેમજ ગુજરાત સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોચાડવા માટે બક્ષીપંચ મોરચા દ્વારા કાર્યક્રમ અમલીકરણ સમિતીનું આયોજન**

---------------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી દિનેશભાઇ અનાવાડીયાની અધ્યક્ષતામાં અને ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, રાજ્ય સરકારના મંત્રીશ્રી વાસણભાઇ આહિર તેમજ ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષ અને ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રભારીશ્રી આઇ.કે.જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં બક્ષીપંચ મોરચાની પ્રદેશ બેઠક મળી હતી.

આજની આ બેઠકમાં બક્ષીપંચ મોરચા દ્વારા આગામી દિવસોમાં યોજાનાર વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમોની રૂપરેખા ઘડાઇ હતી. જે મુજબ જીલ્લા/મહાનગર/મંડલ તેમજ શક્તિ કેન્દ્ર દિઠ બક્ષીપંચ મોરચાની બેઠકો યોજાશે અને કેન્દ્ર તેમજ ગુજરાત સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોચાડવા માટે બક્ષીપંચ મોરચા દ્વારા કાર્યક્રમ અમલીકરણ સમિતીની રચના કરવામાં આવશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દરમહિનાના ચોથા રવિવારે યોજાતા **"મન કી બાત"** કાર્યક્રમનું તમામ શક્તિકેન્દ્રો પર યોજાતા સામુહિક શ્રવણના કાર્યક્રમમાં બક્ષીપંચ મોરચો જોડાશે.

આગામી ૬ એપ્રિલ **"ભાજપા સ્થાપના દિન"** નિમિત્તે ભાજપા બક્ષીપંચ મોરચા દ્વારા તમામ જીલ્લા/મહાનગર/મંડલ તેમજ શક્તિ કેન્દ્રો પર કાર્યક્રમો યોજાશે. તાજેતરમાં જ પૂર્ણ થયેલી નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ભાજપાનો ભવ્ય વિજય થયો છે. આ તમામ નગરપાલિકાઓમાં બક્ષીપંચ સમાજના ચૂંટાયેલા સભ્યોના અભિવાદન સંમેલનો યોજવામાં આવશે.

આજની આ બેઠકમાં બક્ષીપંચ સમાજના અગ્રણી તથા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના ચેરમેનશ્રી નરેન્દ્રભાઇ સોલંકી, બક્ષીપંચ મોરચાના પૂર્વ અધ્યક્ષશ્રી ભગવાનદાસ પંચાલ, ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ નિગમના ચેરમેનશ્રી લક્ષ્મણભાઇ પટણી, ભાજપા પ્રદેશ મંત્રીશ્રી હર્ષદગીરી ગૌસ્વામી તેમજ સમગ્ર ગુજરાતના જીલ્લા/મહાનગરના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદેશ બેઠકનું સફળ આયોજન તેમજ સંચાલન બક્ષીપંચ મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રીઓ મેઘજીભાઇ કણઝારીયા અને શ્રી રમેશભાઇ મિસ્ત્રી કર્યુ હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ